
# ૮ ફરરર...



મારે માથે મુગટ છે,
હું નૃત્ય કરું છું.
પીંછાંનો મને ગર્વ છે,
વરસાદ પહેલાં હું ટહુકું છું.
લખો હું ______ છું.

પૂંછડી મારી લાંબી છે,
પૂંછડીમાં મારે ખાંચા છે.
હું આકાશમાં ઊંચે ઊડું છું,
ઉંદરને હું ખાઉં છું.
લખો હું ______ છું.

મારા પીંછાં લીલા રંગનાં,
ચાંચનો રંગ લાલ છે.
જામફળ'ને લીલાં મરચાં ભાવે,
અવાજની નકલ મને ખૂબ ફાવે.
લખો હું ______ છું.

પીંછાં મારા કાળા રંગના,
કાળો મારો રંગ છે.
આખો દિવસ કાઉં...કાઉં બોલું,
રંગ મારો ચમકે છે.
લખો હું ______ છું.


કું...ઉ... કુ...ઉ હું બોલું છું,
બધેય જોવા મળું છું.
મારો અવાજ ઓળખ અપાવે,
હું તો મીઠું ટહુકું છું.
લખો હું ______ છું.
મરેલાં જીવોને ખાઉં છું,
ગંદકી સાફ કરું છું.
ઊંચે ઊંચે ઉડુ છું.
હું પંખીનો રાજા છું.
લખો હું ______ છું.
ચાંચ મારી ગુલાબી છે,
પીંછાં મારાં ભૂખરાં છે.
ગૂટરગૂં હું બોલ્યા કરું,
હું ઘરમાં મારું ઘર બનાવું.
લખો હું ______ છું.
ચાંચ મારી ખૂબ તીણી છે.
ચાંચની સોય જ વાપરું છું.
પાંદડા સીવી ઘર બનાવું,
હું અનોખું પંખી કહેવાઉં.
લખો હું ______ છું.
ઝાડના થડને કાણું કરું,
છૂપાયેલા કીડાથી પેટ ભરું.
આખો દિવસ ટક...ટક કરું,
લાકડું ખોદવાનું હું કામ કરું.
લખો હું ______ છું.




પંખીઓની સભા ભરાઈ. ઘુવડે વાત શરૂ કરી. તેણે કહ્યું : ‘આપણે બધાં અલગ દેખાઈએ છીએ. આપણાં નખ, ચાંચ, પીંછાં અને અવાજ જુદાં-જુદાં છે. છતાં આપણે બધાં પંખીઓ છીએ. જો આપણાં બધાનો દેખાવ સમાન હોય, આપણે સમાન ખોરાક લઈએ અને આપણાં અવાજ પણ સમાન હોય, તો આ દુનિયા કેવી નીરસ લાગે ?

## વિચારો અને લખો :

- પાઠમાં બતાવેલ કયાં પંખીઓ તમે જોયાં છે ? તેમનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |

## શોધી કાઢો :

- હવે બહાર જાઓ અને આજુબાજુમાં પંખીઓ જુઓ.
- તમે બહાર કેટલાં પંખીઓ જોઈ શકો છો ?
- તેમાંથી કેટલાં પંખીઓને ઓળખો છો ?

---

જો બાળકો પક્ષીઓ બહાર જુએ અથવા કાગળ ઉપર દોરેલા હોય તો તેને ઓળખી શકે છે. ખાલી જગ્યા ભરવા માટે બાળકો પક્ષીઓની લાક્ષણિકતાઓ વિશે જાણે, જો તેઓ પક્ષીઓનાં નામ ન જાણતાં હોય, તો જાણે એ જરૂરી છે.


| પંખીનું નામ | તમે ક્યાં જોયાં છે ? | | | | |
|---|---|---|---|---|---|
| | પાણીમાં | વૃક્ષ પર | જમીન પર | ઘરમાં | ઊડતાં |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

વિવિધ પંખીઓની ચાંચ જુદાં જુદાં પ્રકારની હોય છે. નીચે પંખીઓની ચાંચનાં ચિત્રો આપેલાં છે. ચિત્રો જુઓ. પંખીને ઓળખો અને તેમનાં નામ લખો.




બાળકો પક્ષીઓમાં રસ લે તે માટે તેમને પક્ષીઓનાં લક્ષણોનું અવલોકન કરવા દો. તેઓ અવલોકનો લખતાં શીખે અને વર્ગખંડમાં બધા સાથે આપ-લે કરે.





ખાલી આપેલી જગ્યામાં કોઈ પંખીની ચાંચ દોરો. રંગ પૂરો અને તેનું નામ લખો. જેમ પંખીઓની ચાંચ જુદા જુદા પ્રકારની હોય છે, તેમ તેઓ ખોરાક પણ જુદા જુદા પ્રકારનો ખાય છે. જેમ કે, કેટલાંક ફળ ખાય છે, કેટલાંક દાણાં ખાય છે. કેટલાંક ઈંડાં ખાય છે, કેટલાંક માછલી ખાય છે.

## જુઓ અને જોડો :



પંખીઓની ચાલવાની અને ઊડવાની રીત પણ અલગ હોય છે. તેમની ડોકનું હલનચલન અલગ હોય છે. મેના તેની ડોક આગળ અને પાછળ આંચકાથી હલાવે છે. ઘુવડ તેની ડોક પાછળની તરફ ફેરવી શકે છે.

એવાં કેટલાંક પંખીઓ પણ છે, જે આપણાં અવાજની નકલ કરી શકે છે ! શું તમે આવા કોઈ પંખીનું નામ જાણો છો ? તમારી નોટબુકમાં તે પંખીનું ચિત્ર દોરો, રંગ પૂરો અને તેનું નામ પણ લખો.

**અવલોકન :**

પંખીઓ કેવી રીતે ચાલે છે અને તેમની ડોક ફેરવે છે. તેમનાં પીંછાં જુઓ અને કેવો અવાજ કરે છે એ સાંભળો. કોઈ પણ ત્રણ પંખીઓના અવાજની નકલ કરો. તેમની ડોકના હલનચલનની પણ નકલ કરો. તમારા મિત્રને પૂછો – 'તમે કયા પંખીની નકલ કરો છો ?'

પંખીઓનાં પીંછાં જુદા જુદા રંગના, આકારના અને કદના છે. તેમના પીંછાં તેમને ઊડવામાં અને તેમને હૂંફાળા રાખવામાં પણ મદદ કરે છે. કેટલાંક સમય પછી પંખીઓ જૂનાં પીંછાં ખેરવી નાખે છે. તેની જગ્યાએ નવાં પીંછાં આવે છે. તમે ઘણી વાર પંખીઓનાં પીંછાં નીચે પડેલાં જોયાં હશે.

આસપાસ પડેલાં પીંછાં એકઠાં કરો. તેમના કદ, આકાર અને રંગનું અવલોકન કરો. એક પંખીનું નામ લખો અને તેમાં પીંછાં ચોંટાડો. પંખીનું નામ લખો.

❇ પંખીઓ સિવાય, એવાં કયાં પ્રાણીઓ છે, જે ઊડી શકે છે ?

## વિચારો અને કહો :


❋ તમે પંખીની જેમ ઊડી શકો, તો ક્યાં જવા માંગશો ? બીજું તમે શું કરશો ?

---

❋ જો પંખીઓ ઊડી ન શકે પણ તેમના પગ પર જ ચાલતાં હોય તો શું થાય ?

---

## ચાલો, કૂકડો બનાવીએ



કાગળનો ચોરસ ટુકડો લો.

૧. ચિત્ર મુજબ કાગળને બિંદુઓવાળી લાઈનથી ગડીવાળો.

૨. કાગળને બિંદુઓવાળી લાઈનથી અડધું વાળી લો.

૩. હવે, બિંદુઓવાળી લાઈનથી કાગળને તીરની દિશામાં વાળો.

૪. ચિત્રમાં બતાવ્યા મુજબ કૂકડાની ચાંચ બનાવવા કાગળ વાળો.

૫. હવે, લાલ રંગનો કાગળ લો. તેને કૂકડાના મુઘટનાં આકારમાં કાપો. તેને કૂકડાના માથાના ભાગ પર લગાવો.

૬. કાળા રંગના કાગળમાંથી નાનું ગોળ ટપકું કાપો. તેને કૂકડાની આંખ બનાવવા લગાવો.

**હવે જુઓ, કૂકડો તૈયાર છે !**